રસીદ નં.............
તારીખ..............
સહી................

| |
|---|
| શરતો મુજબ<br>સ્ટોલ/ખુલ્લા<br>મેદાનનો ભાવ<br>ભરનાર<br>ટેન્ડરરનો ફોટો |

# શ્રી સોમનાથ ટ્રસ્ટ - પ્રભાસ પાટણ

## કાર્તિકી પૂર્ણિમા સાંસ્કૃતિક મેળો - ૨૦૧૯

### તા.૦૮/૧૧/૨૦૧૯ થી તા.૧૨/૧૧/૨૦૧૯ દરમ્યાન મેળામાં જાહેર હરરાજીથી ફાળવવાના સ્ટોલ અને મનોરંજનના સાધનો માટેના મેદાનનું ટેન્ડરથી ભાવ ભરવા માટેની શરતો

## // શરતો //

(૧) શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આયોજીત શ્રી સોમનાથ જયોતિર્લિંગ કાર્તિકી પૂર્ણિમા સાંસ્કૃતિક મેળો - ૨૦૧૯ માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ હસ્તકના મેળા માટેની જગ્યા,સ્ટોલ્સ ભાડે આપવાના છે. મેળાનો સમય રાત્રીના૧૨:૦૦ સુધીજ રહેશે ત્યાર બાદ જનતાની અવર-જવર પર પ્રતિબંધિત કરવામાં આવશે. મેળામાં સ્ટોલ માટે તેમજ મનોરંજનના સાધનો માટેનું ગ્રાઉન્ડ ભાડે રાખવા માટે સ્ટોલ દીઠ તેમજ ગ્રાઉન્ડ દીઠ અલગ ફોર્મ ભરવાનું રહેશે. એક ફોર્મમાં એકજ સ્ટોલ/એકજ ખુલ્લુ મેદાન માટેના ભાવો ભરવાના રહેશે.

(૨) **મેળાનું આયોજન શ્રી સોમનાથ ટ્રસ્ટ કરે છે તથા જનરલ મેનેજર, શ્રી સોમનાથ ટ્રસ્ટ સ્ટોલ્સ તથા જગ્યા ભાડે આપવા અંગેની સમગ્ર કાર્યવાહી ટ્રસ્ટ વતિ કરવા અધિકાર ધરાવે છે. આ મેળો ''શ્રી સોમનાથ ટ્રસ્ટ'' ના બેનર તળે યોજાનાર છે.**

(૩) **જનરલ મેનેજર, શ્રી સોમનાથ ટ્રસ્ટ કોઇપણ ઓફર સ્વીકારવા કે અસ્વિકાર કરવા સંપૂર્ણ હક્કદાર છે અને કોઇપણ કારણ આપ્યા વિના માંગણી રદ કરી શકશે જે અંગે નિર્ણય ટ્રસ્ટનો આખરી ગણાશે.**

(૪) કા.પુ.મેળામાં જે નામથી સ્ટોલ્સ, જગ્યા ભાડે રાખેલ હોય તેજ સ્ટોલ્સ/જગ્યા રાખનારે ધંધો કરવાનો રહેશે. અન્ય કોઈ વ્યક્તિને આ સ્ટોલ્સ/જગ્યા વેચાણ કે અન્ય રીતે આપવામાં આવેલ હોવાનું માલુમ પડશે તો કાળા બજાર નિયંત્રણ ધારા નીચે પગલા લેવામાં આવશે અને તાત્કાલિક ધોરણે ફાળવણી રદ કરવામાં આવશે અને ભરેલ રકમ પરત કરવામાં આવશે નહિ અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સ્ટોલ્સ,જગ્યા ભાડે રાખનાર એજન્સીઓએ ટ્રસ્ટના જનરલ મેનેજર અને સ્ટોલ જગ્યા એલોટમેન્ટ નિયત સમિતીના માર્ગદર્શનમાં રહીને ટ્રસ્ટે નિયત કરેલ નકશા મુજબ જ સ્ટોલ તથા મનોરંજનના સાધનો ગોઠવવાના રહેશે.

(૫) સ્ટોલ્સ,જગ્યા ભાડે રાખનાર અલ્પાહાર, સાંસ્કૃતિક, ચકડોળ, અને તે પ્રકારના બાળ મનોરંજનના સાધનો તેમજ માત્ર શિષ્ટ પ્રકારના લાઉડ સ્પીકર રહીતના સંગીત અને મનોરંજનના કાર્યક્રમો માટે સ્ટોલ જગ્યા ભાડે મળશે. સુરુચિ અને શિષ્ટાચારનો ભંગ થાય કે કાયદાથી પરોક્ષ કે પ્રત્યક્ષ પ્રતિબંધિત હોય તેવા કોઇપણ પ્રકારના મનોરંજન માટે સ્ટોલ ભાડે આપી શકાશે નહીં.અર્થાત કોઇપણ સ્ટોલ/જગ્યા ભાડે રાખનારે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો નથી.

(૬) સ્ટોલ્સ/જગ્યાનું વર્ગીકરણ નીચે મુજબ છે.
૧.વ્યાપારી પ્રદર્શન-પ્રચાર-પ્રસાર-વેચાણ
૨.શૈક્ષણિક તેમજ આધ્યાત્મિક પ્રદર્શન
૩.અલ્પાહાર
૪.મનોરંજનના સાધનો
૫.જાહેરાતની સુવિધાઓ

(૭) **સ્વચ્છતાની જાળવણી માટે**

**સ્ટોલ્સ/જગ્યા રાખનારે સ્ટોલ્સ/જગ્યાની અંદર સંપૂર્ણ મેળા દરમ્યાન પુરેપુરી સફાઇ રાખવાની રહેશે.કચરો વિગેરે નાખવા માટે કચરાપેટી રાખવાની રહેશે. તેમજ સ્ટોલ્સ/જગ્યાની આજુબાજુનો કચરો વિગેરેની જવાબદારી જે તે સ્ટોલ્સ/જગ્યા ધારકની જ રહેશે. જો આ બાબતનો અમલ નહી કરવામાં આવે તો સ્ટોલ વિના નોટીસે તેમજ વિના વળતરે રદ કરવામાં આવશે.**

(૮) મેળો પુરો થતા જેમને સ્ટોલ્સ/જગ્યાનો ઉપયોગ અને વપરાશ કરેલ હોય તે દરેક સ્ટોલ્સ/જગ્યા ધારકે જમીન સાફ કરાવી અને કચરો ઉપડાવી લેવાનો તથા સ્ટોલ્સ/જગ્યા પહેલાની જેમજ સુવ્યવસ્થિત સફાઇ કરી અને ટ્રસ્ટને મેળો પુરો થયે સત્વરે પરત સોંપવાની રહેશે. જો આ બાબતનો ભંગ કરવામાં આવશે તો તેવા સંજોગોમાં સાફ સફાઈના ખર્ચની વસુલાત ટ્રસ્ટ નકકી કરે તે પ્રમાણે જેતે સ્ટોલ/જગ્યા રાખનાર પાસેથી વસુલ કરવામાં આવશે.

(૯) સ્ટોલ ધારકે પોતાના સ્ટોલમાં સ્વચ્છતા જાળવવાની રહેશે તેમજ ખાધપદાર્થોના સ્ટોલ ધારકે પૂરતી સ્વચ્છતા, શુધ્ધિ, આરોગ્યપ્રદતા, જાહેર આરોગ્યતા જાળવવાની રહેશે. વૈધાનીક જોગવાઇ જાળવવાની રહેશે તથા આરોગ્યને હાનીકારક હોય તેવા ખાધપદાર્થો રાખવાના રહેશે નહી. તેમજ ખાણીપીણીના સ્ટોલમાં શુધ્ધ શાકાહારી ખોરાક રાખવાનો રહેશે. ઇંડા, માંસ-મચ્છી કે કોઇપણ પ્રકારના માંસાહાર કે કાયદાથી અન્ય પ્રતિબંધિતતાવાળા પીણા કે કોઇપણ વસ્તુ રાખી શકાશે નહી.આ જોગવાઇનો ભંગ થતા માલુમ પડતા જરૂરી દંડનીય પગલાં લેવા પાત્ર થશે. તે અંગેની સમગ્ર જવાબદારી સ્ટોલ્સ,જગ્યા ભાડે રાખનારની રહેશે.

(૧૦) સ્ટોલ્સ,જગ્યા ધારકે કામગીરીની સેવા લેતી વખતે બાળ મજુર પ્રતિબંધ ધારાની તેમજ લાગુ પડતા તમામ કાયદાઓ, રૂલ્સ, નિયમો વગેરેની લાગુ જોગવાઇઓનો અમલ કરવાનો રહેશે.

(૧૧) કોઇપણ કાયદાથી પ્રતિબંધિત હોય તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જુગાર કે અશ્લિલ ગણી શકાય તેવી કોઇપણ પ્રકારની પ્રવૃતિઓ સ્ટોલ્સ/જગ્યામાં કરી શકાશે નહીં. આમછતા પણ જો કરવામાં આવશે તો તે અંગેની સંપૂર્ણપણે જવાબદારી જે તે સ્ટોલ્સ/જગ્યા ધારકની માત્ર ને માત્ર રહેશે.

(૧૨) ઉપરોકત સ્ટોલ્સ/જગ્યા પરથી જે પણ પ્રકારનું ચીજવસ્તુ,અલ્પાહાર ,મનોરંજન કે અન્ય પ્રકારના વેચાણ, પ્રદર્શન,પરફોર્મન્સ વગેરે અંગે જે કંઇ કાયદા અન્વયે જે પણ પ્રકારના લાયસન્સ કે પરવાના લેવાના થતા હોય તે તમામ મેળવવાની જવાબદારી જે તે સ્ટોલ્સ/જગ્યા ધારકની રહેશે અને તે મેળવેલ હોય તેની પ્રમાણીત નકલ રજુ કરવાની રહેશે.

(૧૩) આ કાર્તિકી પૂર્ણિમાના મેળાનો ઉદ્દેશ આધ્યાત્મિક,લોકશૈક્ષણિક,સાંસ્કૃતિક,વ્યવસાયિક તેમજ મનોરંજન જેવા ઉમદા હેતુથી આયોજન કરવામાં આવેલ હોય જેથી જેમાં ઉપરોકત પ્રકારના નિતિમતાના ધોરણો અચુક જાળવવાના રહેશે અને તેમાં કોઇપણ પ્રકારના નાચગાન,પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જુગાર ગણી શકાય તેવી પ્રવૃતિકે વેપારધંધા પ્રતિબંધ છે. જેથી તેવા પ્રકારની પ્રવૃતિ સ્ટોલ્સ / જગ્યા ધારક ધ્વારા કરવી કે કરાવવી નહી આમછતા જો સ્થળ એ બાબત ધ્યાન પર આવશે તો તાત્કાલીક તેમની પરવાનગી રદ કરવામાં આવશે તેમજ તેમની રકમ પણ ફોરફીટ કરવામાં આવશે.

(૧૪) મેળા દરમ્યાન જગ્યાધારક / સ્ટોલધારક અને તેના માણસોનું વર્તન ટ્રસ્ટના કર્મચારીઓ અધિકારી તેમજ જાહેર જનતા સાથે સારૂ રહેશે નહી તો તે સ્ટોલ જગ્યા રદ કરાવવાનો હક્ક ટ્રસ્ટનો અબાધિત રહેશે.

(૧૫) મનોરંજનના સાધનો જેવાકે ચકડોળ,તથા બીજા મેકેનીકલી ઓપરેટેડ ધ્વનિ પ્રદુષણ રહિતના સાધનો અંગે વૈધાનિક જોગવાઇઓ અનુસાર સક્ષમ અધિકારીશ્રી પાસે નિયમ મુજબ ચેક કરાવી એન.ઓ.સી તથા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી પાસેથી મનોરંજન લાયસન્સ મેળવી જનરલ મેનેજરશ્રીને રજુ કર્યા બાદ જ ઉપરોકત મનોરંજન સાધનોનો ઉપયોગ ચાલુ કરી શકાશે. તેમજ આવા સાધનોથી કોઇ અકસ્માત કે હાની થશે કે કોઇ નુકસાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સ્ટોલ્સ,જગ્યા રાખનારની તથા જેતે મનોરંજનના સાધનના માલિકની જ રહેશે જે અંગે સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૧૬) ટ્રસ્ટ દ્વારા નિયત સ્થળે મુકેલા એક કોમન મીટરમાંથી સ્ટોલ માટે **(વધુમા વધુ કુલ ૨૫ KW)** તથા ચકડોળ જેવા વિજળીથી ચાલતા મનોરંજન ઉપકરણો માટે **(વધુમાં વધુ કુલ ૭૫ KW ૦૨ નંગ ટ્રાન્સફોર્મર)** ઇલેકટ્રીક પાવર ઉપલબ્ધ રહેશે જેમાંથી સ્ટોલ્સ,જગ્યા ભાડે રાખનારે પોતાની જરૂરિયાત મુજબ સ્ટોલ્સ,જગ્યા ભાડે રાખનારના ખર્ચ અને જોખમે તથા સલામતીની પુરેપુરી સાવચેતી અને વીજ વપરાશ માટેની વૈધાનિક જોગવાઇઓને સંપૂર્ણ પણે પાલનકર્તા રહીને કનેકશન આપવામાં આવશે. ઇલેકટ્રીક ઇન્સ્ટોલેશનની સલામતી માટે સ્ટોલ્સ, જગ્યા ભાડે રાખનાર તથા યથાપ્રસંગ સ્ટોલ ભાડે રાખનાર સંપૂર્ણ પણ જવાબદાર રહેશે. તેમજ સ્ટોલ/જગ્યાના આંતરિક ખામીભર્યા વીજ કનેકશનના કારણે આગ વગેરે લાગવાના સંજોગોમાં નૂકસાની માટે આર્થિક, ફોજદારી કે અન્ય કોઇ પ્રકારની જવાબદારી માટે ટ્રસ્ટ જવાબદાર રહેશે નહી પરંતુ જે તે સબંધકર્તા સ્ટોલ્સ,જગ્યા ભાડે રાખનાર જવાબદાર રહેશે. **જનરેટર ફરજીયાત ૧૨૫ KVA ૦૨** નંગ, ઈલે.ઈન્સ્પેકટરની એન.ઓ.સી. કોન્ટ્રાકટરે મેળવીને તેની નકલ ટ્રસ્ટને રજૂ કર્યા બાદ જ ઈલે.કનેકશન આપી શકાશે.

(૧૭) જનરલ મેનેજર તેમને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી જો પોતાને ખાત્રી થાય કે કોઇ જ સ્ટોલ એલોટમેન્ટમાં ઉપરોકત જોગવાઇઓનો ભંગ થયો છે તો તે એલોટમેન્ટ રદ કરવા હુકમ કરશે જે સ્ટોલ્સ,જગ્યા ભાડે રાખનારને સ્ટોલ ભાડે રાખનાર એજન્સીને બંધન કર્તા રહેશે. જનરલ મેનેજરશ્રીના હુકમનો ભંગ કરનારને તત્કાળ મેદાન છોડી જવા ફરજ પાડવામાં આવશે અને ટ્રસ્ટને થયેલ આર્થિક નુકસાન માટે જવાબદાર પાસેથી વસુલ કરવામાં આવશે.

(૧૮) સ્ટોલ્સ, જગ્યા ભાડે રાખનાર અને સ્ટોલ ભાડે રાખનાર એજન્સીના અન્ય સાથેના કોઈપણ આર્થિક વહેવારો અંગે ટ્રસ્ટ જવાબદાર રહેશે નહીં.

(૧૯) **ટ્રસ્ટના સ્ટોલ્સ,જગ્યા જેતે સ્થિતિમાં ભાડે આપવામાં આવશે જેમાં સ્ટોલ ટ્રસ્ટની ડીઝાઇન પ્રમાણેના મેળામાં આવનાર લોકોની સગવડતા અંગે જે કાંઇ વ્યવસ્થા કરવાની થાય તે સ્ટોલ્સ,જગ્યા ભાડે રાખનારે કરવાની રહેશે. સ્ટોલપર પીવાના પાણીની સગવડતા સ્ટોલ્સ,જગ્યા ભાડે રાખનારે તથા યથાપ્રસંગે સ્ટોલ ભાડે રાખનારે કરવાની રહેશે.દરેક સ્ટોલ્સ ધારકે ૧૦ ફુટથી વધારે પોતાના ટેબલ ખુરશી આગળ વધારી શકાશે નહીં. તેમ છતા સ્ટોલ્સ ધારક દ્વારા નિયમનો ભંગ કરવામાં આવશે તો સ્ટોલ વિના નોટીસે તેમજ વિના વળતરે રદ કરવામાં આવશે.**

(૨૦) સ્ટોલ્સ,જગ્યા ધારકે ઇલેકટ્રીકના વપરાશ માટેની એડવાન્સ રકમ માંગણી માન્ય થયે તુરત રોકડેથી જમા કરાવવાની રહેશે અને ત્યારબાદ ઇલેકટ્રીક કનેકશન અંગે પાવર સપ્લાય, સાધનો સ્ટોલ માટે આપવામાં આવશે.આ રકમ વપરાશના અંદાજ ઉપર નક્કી કરી અને નક્કી થયેલ રકમ માંગણીદારે ટ્રસ્ટમાં જમા કરાવવાની રહેશે અને ફાઇનલ ઇલેકટ્રીક વપરાશનો હિસાબ થયે તેમાં સરભર કરી અને જે કાંઇ રકમ ઉપર થતી હોય તે માંગણીદારે ટ્રસ્ટને રોકડેથી ચુકવવાની રહેશે. વપરાશ દરમ્યાન ટ્રસ્ટના કોઇ સાધનને કે અન્ય કોઇ બાબતે કાંઇ નુકસાન થયુ તો તે રકમ જણાવે તે પણ માંગણીદારે ટ્રસ્ટને રોકડમાં ચુકવવાનુ રહેશે.

(૨૧) મેળા માટેના નીચે પ્રમાણેની વિગતેના મેદાનો જે તે સ્થિતિના છે તે પ્રમાણેના ભાડે તા.૦૮/૧૧/૨૦૧૯ થી તા.૧૨/૧૧/૨૦૧૯ દિવસ ૫(પાંચ) માટે આપવાના છે. જેની તળીયાની કિંમતની વિગત નીચે પ્રમાણે છે.

**(૧) ટેન્ડરથી ભાવ ભરનાર માટે મેદાનની તળીયાની કિંમત :- ( લોકેશન-સફારી હોટેલ સામેનું મેદાન)**

**-:: મનોરંજન માટેનું મેદાન ::-**

| મેદાનનું માપ ચો.ફુટમાં | પ્રતિ ખુલ્લા મેદાનનો ભાવ (રૂપિયા) | | ફાળવવાના મેદાનની સંખ્યા અને નંબર | | કુલ કિંમત |
|---|---|---|---|---|---|
| ૪૧૦ X ૨૬૦ | ૧૫,૦૦,૦૦૦ | X | ૧ | ૧ | ૧૫,૦૦,૦૦૦ |

**કુલ રકમ ઉપર ૧૮% જી.એસ.ટી. સરકારશ્રીના ધારા ધોરણ મુજબ અલગથી ભરવાનું રહેશે.**

**(૨) -:: જાહેર હરરાજીથી ફાળવવાના સ્ટોલ્સની તળીયાની કિંમત ::-**

| સ્ટોલ્સ ચો.ફુટ | ફાળવવાના સ્ટોલ્સની સંખ્યા | પ્રતિ ખુલ્લા સ્ટોલ્સનો ભાવ (રૂપિયા) | કુલ ફાળવવાના સ્ટોલ્સની સંખ્યા |
|---|---|---|---|
| ૧૦ X ૧૨ | ૪૧ | ૬,૦૦૦.૦૦ | ૪૧ |
| ૧૨ X ૨૦ | ૭૧ | ૧૨,૦૦૦.૦૦ | ૭૧ |
| ૨૦ X ૨૦ | ૦૨ | ૩૫,૦૦૦.૦૦ | ૦૨ |

**કુલ રકમ ઉપર ૧૮% જી.એસ.ટી. સરકારશ્રીના ધારા ધોરણ મુજબ અલગથી ભરવાનું રહેશે.**

(૨૨) **મેળામાં ધ્વનિ પ્રદુષણ રોકવા માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ પ્રતિબંધિત કરવાનો નિર્ણય છે.** અને મનોરંજનના સ્ટોલ કે એની આજુબાજુમાં અન્ય કોઈ પણ વસ્તુનો વેપાર કરી શકાશે નહી.

(૨૩) **સ્ટોલ ધારકે વેચાણ માટે મુકેલ પદાર્થોના ભાવ દર્શાવતું બોર્ડ સ્ટોલ પર લગાડવાનું રહેશે. તે ભાવોમાં મેળા દરમ્યાન કોઇ ભાવ (જથ્થો કે કિંમત)માં વધારો કરી શકાશે નહી. ચકડોળ,રાઇડ્સ અથવા મનોરંજનની પ્રવૃતિને પણ આ નિયમ લાગુ પડશે જેમાં તેમણે મનોરંજનની રમતનો સમય અથવા આવર્તનની સંખ્યા અને ભાવનું પાટિયુ મુકવાનું રહેશે અને જે ભાવ ટ્રસ્ટ પાસે એપ્રુવ્ડ કરાવવાના રહેશે. મેળા દરમ્યાન આ ભાવમાં કોઇ વધારો કરી શકાશે નહીં.**

(૨૪) આ ઉપરાંત મેળા અધિનિયમ હેઠળ જે પરવાનગી હેઠળ જુદી જુદી શરતો ઠરાવવામાં આવેલ હોય **તે તમામનું પાલન કરવા માટે સ્ટોલ્સ/ જગ્યા ધારક જવાબદાર રહેશે.**

(૨૫) ઉપરોકત રીતે સ્ટોલ્સ/ જગ્યા ધારકે તરત જ નિશ્ચિત થયેલી પુરેપુરી રકમ ભરપાઇ કરવાની રહેશે અને આ રકમ કોઇપણ **સંજોગોમાં જો સ્ટોલ્સ/જગ્યા ધારક સ્ટોલ્સ/જગ્યાનો તેમના કારણો સબબ ઉપયોગ ન કરી શકે કે તો તેવા સંજોગોમાં કોઇપણ રકમ પરત મળી શકશે નહીં.**

(૨૬) જયારે કોઇપણ અનિવાર્ય અને આકસ્મિક સંજોગોના કારણે જો આયોજક દ્વારા મેળાનો કાર્યક્રમ અમલમાં ન મુકી શકાય તો તેવા અનિવાર્ય સંજોગોમાં સ્ટોલ્સ/જગ્યા ધારકોને સમિતિ તરફથી જેટલી રકમ નક્કી કરવામાં આવે તેટલી, વધુમાં વધુ ૫૦% જેટલી રકમ સ્ટોલ્સ/જગ્યાના વપરાશ અંગેની ભાડા-ફીની રકમ પરત આપવામાં આવશે અને આવા સંજોગોમાં આ અંગેનો સમિતિનો નિર્ણય <u>"આખરી નિર્ણય"</u> તેમજ <u>"કન્કલ્યુઝીવ ડીસીઝન"</u> લેખાશે. મેદાન/સ્ટોલ વધારવા કે ઘટાડવા અંગે ટ્રસ્ટનો અબાધિત અધિકાર રહેશે.

(૨૭) **<u>ઉપરોકત સ્ટોલ્સ/જગ્યા ફાળવણી માટેના ફોર્મ ફી રૂા.૨૫૦/- (નોન રીફંડેબલ) જમા કરાવી અને ફોર્મ મેળવવાનું રહેશે. તેમજ શ્રી સોમનાથ ટ્રસ્ટની વેબસાઈટ www.somnath.org ઉપર થી ટેન્ડર ડાઉનલોડ કરી શકાશે ટેન્ડર જમા કરાવતા પહેલા ટેન્ડર ફી ભરવાની રહેશે. સ્ટોલ્સની જાહેર હરરાજી તા.૨૦-૧૦-૨૦૧૯ ના રોજ બપોરે ૧૦:૩૦ થી સદભાવના ગ્રાઉન્ડ ખાતે શરૂ કરવામાં આવશે. ભાગ લેવા માટે સ્ટોલ માટેના ટેન્ડર ફોર્મ અગાઉથી મેળવી લેવાના રહેશે.</u>**

**<u>રાઈડસ માટેના ટેન્ડર ફોર્મ સીલ બંધ કવરમાં ઓફિસ કાર્યાલયમાં તા.૨૨-૧૦-૨૦૧૯ ના રોજ સાંજે ૧૭:૦૦ સુધીમાં રૂબરૂમાં સોમનાથ ટ્રસ્ટ પ્રભાસ પાટણ ઓફિસ કાર્યાલય ખાતે જમા કરવાના રહેશે અને ૧૭:૦૦ કલાકે ઉપસ્થિતની હાજરીમાં ખોલવામાં આવશે.</u>**

(૨૮) ટ્રસ્ટે નક્કી કરેલ કિંમત કરતાં ઓછા ભાવની માંગણી સ્વીકારવી કે નહી સ્વીકારવી કે સ્ટોલ્સની સંખ્યામાં વધારો કે ઘટાડો કરવો તે અંગેનો જનરલ મેનેજરશ્રીનો નિર્ણય આખરી ગણાશે. માંગણી માન્ય થયે સ્ટોલ્સ, જગ્યા ભાડે રાખનારે તત્કાળ સ્થળ ઉપર જ જમા કરાવવાની રહેશે.

(૨૯) સ્ટોલ્સ/જગ્યાની ફાળવણી જે ધારકને કરવામાં આવશે તે ધારક અન્ય **<u>કોઈને ટ્રાન્સફર કે હસ્તાંતર કરી શકશે નહીં.</u>** અને એક જ સ્ટોલ્સની અંદર બે પ્રકારના ધંધા કરી શકાશે નહીં. આ બાબત જો ટ્રસ્ટના ધ્યાન પર આવશે તો તાત્કાલિક તેમની ફાળવણી રદ કરી અને તેમની રકમ પણ જપ્ત કરવામાં આવશે. આવા કિસ્સામાં સંપૂર્ણ સત્તા કમિટીની રહેશે.

(૩૦) મનોરંજન માટેના મેદાનમાં મનોરંજનના સાધનો સિવાય અન્ય કોઈ પણ પ્રકારનો સ્ટોલ્સ રાખી શકાશે નહીં કે આપી શકાશે નહીં.

(૩૧) **મનોરંજન માટે જીલ્લા કલેકટરશ્રી દ્વારા પત્ર સંદર્ભ નં. AG/CC/2299/2019 તા.૨૧-૦૮-૨૦૧૯ ના જીલ્લા કલેકટરશ્રીને હુકમ પ્રમાણે જીલ્લા કક્ષાએ રાઈડઝની તાંત્રિક નિરીક્ષણ અને પરીક્ષણ માટેની સમિતિ રચવામાં આવેલ છે. તે સમિતિની તાંત્રિક (ટેકનીકલી) મંજુરી મેળવી તેની કોપી ટ્રસ્ટમાં જમા કરાવવાની રહેશે. ત્યાર બાદ જ રાઈડઝ ચાલુ કરી શકાશે.**

(૩૨) **કોઈપણ વાદ-વિવાદ માટેનું ન્યાયિક ક્ષેત્ર વેરાવળ ગીર-સોમનાથ રહેશે.**

ઉપરોકત તમામ શરતો જગ્યા ભાડે રાખનાર અને સ્ટોલ ભાડે રાખનારને વ્યકિતગત રીતે અને સંયુકત રીતે બંધનકર્તા રહેશે. કોઇપણ શરતનો ભંગ થયે જનરલ મેનેજર જરૂરી દંડનીય કાર્યવાહી કરી શકશે તેમજ કોઇ સમસ્યા કે વિવાદ ઉપસ્થિત થાયતો તે અંગે જનરલ મેનેજરશ્રીનો નિર્ણય આખરી રહેશે તથા સ્ટોલ્સ, જગ્યા ભાડે રાખનારને બંધનકર્તા રહેશે.

**<u>ઉપર મુજબ ક્રમ (૨૨)(૧) મનોરંજનના સાધનો માટેનું મેદાન</u> દર્શાવ્યા પ્રમાણેની વિગત માટે અમારે ૪૧૦X૨૬૦ ફુટનુંરાઈડસ માટેનું મેદાન તા.૦૮/૧૧/૨૦૧૯ થી તા.૧૨/૧૧/૨૦૧૯ મેળા દરમ્યાન રકમ રૂા..................... (શબ્દોમાં.......................................) થી રાખવા અમારી સંમતિ છે. જે અંગેની રકમ આ સાથે રજુ કરીએ છીએ. (કુલ રકમ પર જી.એસ.ટી. ૧૮% અલગથી ચુકવવાનુંરહેશે)**

**<u>ક્રમ (૨૨)(૨) સ્ટોલ્સ</u>ની દર્શાવ્યા પ્રમાણેની વિગત માટે અમારે ખાણી-પીણી / રમકડાના ...........X........... ફુટનાં સ્ટોલ નંબર ........... તા.૦૮/૧૧/૨૦૧૯ થી તા.૧૨/૧૧/૨૦૧૯ મેળા દરમ્યાન રકમ રૂા................. (શબ્દોમાં.....................................) થી રાખવા અમારી સંમતિ છે. જે અંગેની રકમ આ સાથે રજુ કરીએ છીએ. (કુલ રકમ પર જી.એસ.ટી.૧૮%અલગથી ચુકવવાનું રહેશે)**

(૧) **મનોરંજનના સાધનો માટેની ઉપરોકત જગ્યા (મેદાન) ભાડે રાખનાર <u>મેદાનના રૂા.૪,૦૦,૦૦૦/- એડવાન્સ ડીપોઝીટ પેટે ટેન્ડરની સાથે શ્રી સોમનાથ ટ્રસ્ટના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા પે ઓર્ડર અચુક પણે સામેલ કરી ટેન્ડર</u>**

બંધ કવરમાં રજુ કરવાના રહેશે. બાકીની રકમ ડી.ડી. અથવા પે ઓર્ડરથી મેળો શરૂ થયા પહેલા ચુકવી આપવાની રહેશે. ટેન્ડર ઓપન કર્યા બાદ નામંજુર થયેલ ટેન્ડરરને ડિપોઝીટ પેટેનો ડીડી અથવા પે ઓર્ડર પરત કરવામાં આવશે. ટેન્ડર સાથે ડીપોઝીટની રકમનો ડીડી કે પે ઓર્ડર સામેલ કરેલ ન હોય તો તે ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી. મેદાન (જગ્યા)ના ટેન્ડરમાં ચેક/કેશ જોડવાના રહેશે નહી અને જો જોડેલ હશે તો તે ટેન્ડર માન્ય ગણાશે નહી.

(૨) મનોરંજનના સાધનો માટેની ઉપરોકત જગ્યા જે ફાળવણી કરવામાં આવેલ છે. તેના કરતા વધારે મેદાન ઉપર મનોરંજના સાધનોનું ગોઠવી શકાશે નહીં. જો આમ કરતા માલુમ પડશે તો આવેલ ટેન્ડરના ભાવ પ્રમાણે પ્રતિ ચો.ફુટ ચાર્જ અલગથી વસુલ કરવામાં આવશે અને વધારાનું ગ્રાઉન્ડ આપવું કે નહીં તે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા નકકી કરવામાં આવશે.

(૩) મેળાના મેદાનમાં ભાડાની રકમ મંજુર થયેલ ટેન્ડરની રકમ અને રાઈડઝ માટે ઈલેકટ્રીક કનેકશનનો ચાર્જ અલગથી (લાઈન, ઈન્સ્ટોલેશન, ટ્રાન્સફોર્મર, મેળા દરમ્યાન પી.જી.વી.સી.એલ.નો સુપરવિઝન ચાર્જ) રૂા.૨,૧૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ દસ હજાર પુરા) નો ડી.ડી. ટેન્ડર મંજુર થયે મેળો શરૂ થયા પહેલા એડવાન્સમાં ચુકવવાના રહેશે. જે નોન રીફંડેબલ રહેશે. આના સિવાય મેળા દરમ્યાન વપરાશ થયેલ વીજ યુનિટનો ચાર્જ અલગથી ચુકવવાનો રહેશે.

ઉપરોકત શરતોને મેં વાંચી સમજી વિચારી અને વિવેક બુધ્ધિ પૂર્વક સંમત થઇ મારી સંમતિ સહીત તેમજ સહી અને સાક્ષી કરેલ છે જેની આથી હું બાંહેધરી આપુ છું.

તારીખ :- / /૨૦૧૯ સહી..........................

સ્થળ :- પ્રભાસ પાટણ નામઃ.........................

સ્ટોલ્સ/જગ્યાની માંગણીદારનું નામ

| સાક્ષી | નામ | સહી |
| --- | --- | --- |
| (1) | ........................ | .......................... |
| (2) | ........................ | .......................... |

જનરલ મેનેજર
શ્રી સોમનાથ ટ્રસ્ટ